ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૧** **તા. ૨૮.૦૭.૨૦૧૭**

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ , કેન્દ્રીય મંત્રીશ્રી સ્મૃતિબેન ઈરાની અને શ્રી બલવંતસિંહ રાજપૂતે સવારે ૧૧.૦૦ કલાકે ભાજપના રાજ્યસભાના ઉમેદવાર તરીકે ઉમેદવારી ફોર્મ ભર્યા .**

--------------

**પ્રદેશ પ્રભારીશ્રી, પ્રદેશ અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી, પૂર્વ મુખ્યમંત્રીશ્રી સહીત પ્રદેશના આગેવાનોની ઉપસ્થિતિ**

--------------

**શ્રી અમિતભાઇ શાહનું સંસદના ઉપલા ગૃહની પરંપરાઓ, માનાંકો અને મૂલ્યોમાં મહત્વનું યોગદાન રહેશે - શ્રી ભૂપેન્દ્રજી યાદવ**

--------------

પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે ,આજરોજ સવારે ૧૧ કલાકે સ્વર્ણિમ સંકુલ ખાતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ, કેન્દ્રીય મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાની અને શ્રી બલવંતસિંહ રાજપૂતે ભાજપના રાજ્યસભાના ઉમેદવાર તરીકે ઉમેવારીપત્ર ભર્યા હતા.

આ પ્રસંગે પ્રદેશ પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવ , પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન પટેલ, પૂર્વ પ્રદેશ અધ્યક્ષશ્રી આર. સી. ફળદુ, કેન્દ્રીય મંત્રીશ્રી મનસુખ માંડવીયા સહીત રાજ્યસરકારના મંત્રીઓ અને પ્રદેશ આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

રાજયસભાના ઉમેદવારી પત્રો ભર્યા બાદ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી અને પ્રદેશ પ્રભારી શ્રી ભૂપેન્દ્રજી યાદવે ભાજપા ત્રણેય બેઠકો જીતશે તેઓ વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ પ્રસંગે પત્રકાર પરિષદને સંબોધતા રાષ્ટ્રીય મહામંત્રીશ્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભુપેન્દ્રજી યાદવે જણાવ્યું હતું, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની રાજ્યસભાના ઉમેદવાર તરીકેની વરણીથી સંગઠન અને કાર્યકર્તાઓમાં અનેરો ઉત્સાહ છે . શ્રી અમિતભાઇ શાહનું સંસદના ઉપલા ગૃહની પરંપરાઓ, માનાંકો અને મૂલ્યોમાં મહત્વનું યોગદાન રહેશે.

શ્રી યાદવે જણાવ્યું હતું કે, ભાજપા પક્ષ માટે સૌભાગ્યની વાત છે કે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ જેવા કુશળ સંગઠનકર્તા હવે રાજ્યસભામાં પણ પ્રતિનિધિત્વ કરશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની કુશળ સંગઠન શક્તિથી દેશમાં સંગઠનાત્મક અને રાજકીય રીતે ભાજપાનો વ્યાપ તથા પ્રભાવ વધ્યો છે.

(ડૉ. હર્ષદ પટેલ)
**કન્વીનર-મીડીયા સેલ**

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૦૨** **તા. ૨૮.૦૭.૨૦૧૭**

**"કોંગ્રેસમુક્ત" બનેલા ધારાસભ્યોએ કોંગ્રેસની વેર-ઝેરની રાજનીતિ, નકારાત્મક નીતિરીતિ અને નિષ્ફળ નેતૃત્વ અને આંતરીક તીવ્ર જુથબંધી સામે આક્રોશ વ્યક્ત કર્યો છે ત્યારે ભાજપા પર આક્ષેપ કરવાને બદલે કોંગ્રેસ તેમના આક્રોશનો જવાબ આપે - ભરત પંડ્યા**

---------------------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો જવાબ માંગતા પહેલા કોંગ્રેસ મુકત બનેલા ધારાસભ્યોની કોંગ્રેસ પ્રત્યેની વેદના અને નારાજગીનો જવાબ આપે - ભરત પંડ્યા**

---------------------

**કોંગ્રેસમુકત બનેલા ધારાસભ્યો પોતાના અંતરાત્માનો અવાજ સાંભળી, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની "વિકાસની રાજનીતિ"ને સમર્થન આપી ભાજપાની વિકાસ યાત્રામાં જોડાયા છે. - ભરત પંડ્યા**

---------------------

**દેશમાં કટોકટી લાદી, કલમ ૩૫૬નો ૫૦ થી વધુ વખત દૂરૂપયોગ, ૧૯૯૩માં સરકાર બચાવવા હોર્સ ટ્રેડિંગ, અને ૧૯૯૫માં ગુજરાતની ભાજપા સરકારને ઉથલાવવા મદદ કરનારી કોંગ્રેસ કયા મોઢે લોકશાહીની અને બંધારણની વાત કરે છે - ભરત પંડ્યા**

---------------------

**કોંગ્રેસના જૂઠાં રાજકીય આક્ષેપોમાં હારની હતાશાં બોલે છે, કોંગ્રેસ પાસે ધરતી પર હવે કંઇ જ બચ્યું નથી - ભરત પંડ્યા**

---------------------

**"કોંગ્રેસ એ ડુબતી નાવ છે" કોંગ્રેસમુક્ત થવા અનેક લોકો કોંગ્રેસની વિસર્જન યાત્રામાં સ્વયંભુ જોડાઇ રહ્યા છે તેમાં કોંગ્રેસે ભાજપા પર આક્ષેપ કરવાને બદલે મનોમંથન કરે – ભરત પંડ્યા**

---------------------

**લગભગ સતત ૨૪ વર્ષથી રાજયસભાના સાંસદ રહેલા શ્રી અહેમદ પટેલ આ વખતે હારે તેવું ૮૦ ટકા કોંગ્રેસીઓ ઈચ્છી રહ્યા છે ત્યારે ભાજપા સામે આક્ષેપ કરવો તે યોગ્ય નથી - ભરત પંડ્યા**

---------------------

ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરતભાઇ પંડ્યાએ કોંગ્રેસના બેબુનિયાદ આક્ષેપોને વખોડી તીવ્ર પ્રત્યાઘાત આપતાં જણાવ્યું હતુ કે, કોંગ્રેસમુક્ત બનેલા ધારાસભ્યોએ કોંગ્રેસની વેર-ઝેરની રાજનીતિ, કોંગ્રેસની નકારાત્મક નીતિરીતિ અને કોંગ્રેસના નિષ્ફળ નેતૃત્વ અને આંતરીક જૂથબંધીની સામે નારાજગી વ્યક્ત કરી છે ત્યારે હારની હતાશામાં ગરકાવ કોંગ્રેસ ભાજપા પર બેબુનિયાદ આક્ષેપો કરવાને બદલે તેના પર જવાબ આપે. શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, કોંગ્રેસના વિપક્ષના નેતા, કોંગ્રેસના મુખ્ય દંડક તેમજ કોંગ્રેસના પ્રવક્તા સહિતના કે જેઓ વર્ષોથી કોંગ્રેસમાં રહેલા અને ગઇકાલ સુધી જે લોકો કોંગ્રેસ માટે સારા હતા અને કોંગ્રેસ છોડતાની સાથે જ હવે આજથી તેમના ઉપર ખોટા આક્ષેપો દ્વારા કોંગ્રેસ તેઓને ખરાબ ચિતરી રહી છે, તે શરમજનક છે.

શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યુ હતુ કે, છેલ્લા કેટલાક મહિનાઓથી કોંગ્રેસમાં જુથવાદ અને સત્તાની સાઠમારી ચરમસીમાએ છે. જુદા-જુદા નેતાઓના જુથો કોંગ્રેસમાં એકબીજાને સતત કાપવાની પ્રવૃતિ કરી રહ્યા છે તે ગુજરાતની પ્રજા મીડિયા દ્વારા જોઈ રહી છે. કોંગ્રેસ ક્યાય સીધી રીતે ભાજપા સામે ટકી શકે તેમ નથી તેથી કેટલાક સમય પહેલા અમુક લોકોને હાથા બનાવી પ્રોક્સીવાર કરી ગુજરાતની શાંતિ-સલામતિ-અસ્મિતાને ડહોળવાના નિષ્ફળ પ્રયાસો કર્યા હતા. જાતીવાદને પ્રોત્સાહન આપીને વેર-ઝેર ફેલાવવાનો કોંગ્રેસના પ્રયાસને ગુજરાતની શાણી-સમજુ પ્રજા ઓળખી ગઇ છે અને હવે કોંગ્રેસના અમુક ધારાસભ્યોઓએ જ પોતાના આંતરમનનો અવાજ સાંભળીને કોંગ્રેસના નિષ્ફળ નેતૃત્વ, નકારાત્મક અને તૃષ્ટિકરણની રાજનીતિથી મુક્ત થઇને ભાજપાની વિકાસની રાજનીતિને સ્વીકારી છે. ત્યારે કોંગ્રેસ પોતાની નિષ્ફળતા છૂપાવવા ભાજપ ઉપર જૂઠાં રાજકીય આક્ષેપો કરે છે.

...૨...

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




શ્રી પંડ્યાએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના પ્રવકતા શ્રી સુરજેવાલા કયા મોઢે લોકશાહીની હત્યા અને બંધારણના રક્ષણની વાત કરે છે ? કોંગ્રેસે ભૂતકાળમાં અનેક વખત લોકશાહીની હત્યા કરી છે. ઈન્દિરા ગાંધીના શાસન દરમ્યાન કુલ ૫૦ થી વધુ વખતે દેશના રાજયોમાં ૩૫૬ની કલમનો દુરપયોગ કરી રાષ્ટ્રપતિ શાસન લાદયુ હતું અને બહુમતીથી રચાયેલી સરકારોને તોડી પાડી હતી. ૧૯૭૫માં ઈન્દિરા ગાંધીએ દેશ ઉપર કટોકટી લાદીને લોકતંત્રની હત્યા કરી હતી અને સમગ્ર દેશના લોકતંત્ર અને મીડિયાને બાનમાં લઈને હજારો લોકોને જેલમાં પૂર્યા હતા. ૧૯૯૩માં પી.વી. નરસિહા રાવની સરકારને બચાવવા માટે કોંગ્રેસ દ્વારા મોટા પાયે થયેલ હોસ ટ્રેડિંગને દેશની જનતાએ જોયું હતું. ગુજરાતમાં ૧૯૯૫માં ભાજપાની સંપૂર્ણ લોકશાહી રીતે રચાયેલ સરકારને ઉથલાવવા માટે કોંગ્રેસની ભૂમિકા શું હતી તે ગુજરાતની જનતા જાણે છે અને અત્યારે કોંગ્રેસ ભાજપા સામે બેબુનિયાદ આક્ષેપો કરી પોતાની નબળી માનસિકતા છતી કરી રહી છે.

શ્રી પંડ્યાએ કોંગ્રેસના અર્જુન મોઢવાડીયાના નિવેદનને વખોડતા જણાવ્યુ હતુ કે, તેઓ હજુ દિવાસ્વપ્નમાં જ રાચે છે. તેમણે કહ્યુ છે કે આવનારી ચૂંટણીઓમાં કોંગ્રેસની સરકાર બનવાની છે તે દિવાલ પર લખેલ છે પરંતુ જ્યારે કોંગ્રેસનું ઘર જ ભાંગી ગયુ છે અને કોઇ દિવાલ જ રહી નથી તો શ્રી મોઢવાડીયા કઇ દિવાલની વાત કરે છે? હવાઇ કિલ્લાની વાત કરીને કોંગ્રેસ માત્રને માત્ર રાજકીય આક્ષેપો જ કરી શકે, કોંગ્રેસ પાસે ધરતી પર હવે કંઇ જ બચ્યું નથી.

શ્રી પંડ્યાએ કોંગ્રેસના રાષ્ટ્રીય તેમજ સ્થાનિક નેતૃત્વ સામે તીવ્ર પ્રત્યાઘાત આપતા જણાવ્યુ હતુ કે, રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમીતભાઇ શાહ અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને પ્રશ્ન પુછતા પહેલા કોંગ્રેસે કોંગ્રેસમુક્ત થયેલા ધારાસભ્યોએ આપેલા નિવેદનો સાંભળવા જોઇએ અને તેનો જવાબ જનતાને આપવો જોઇએ તેમજ કોંગ્રેસને આત્મમંથન કરવાની સલાહ આપી હતી.

કોંગ્રેસ પોતાનું ઘર સંભાળી શકતી નથી અને શેરી-મહોલ્લામાં જઇને બીજા ઉપર આક્ષેપો કરે છે. ''કોંગ્રેસ એ ડુબતી નાવ છે તેની ઉપર સવારી કરીને કોંગ્રેસનો કોઇપણ નેતા પોતાની જાતને ડુબાડવા માંગે નહિ તે સ્વાભાવિક છે'' આવનારા સમયમાં કોંગ્રેસમુક્ત થવા કોઇપણ ધારાસભ્યો કે નેતાઓ કોંગ્રેસની વિસર્જન યાત્રામાં જોડાય તો તેમાં ભાજપ પર આક્ષેપ ન કરવો જોઇએ. કોંગ્રેસ પોતાની નિષ્ફળતા છુપવવા ભાજપા સામે કોઇપણ જૂઠાં આક્ષેપ ન કરે તેમ શ્રી પંડ્યાએ ભારપૂર્વક જણાવ્યુ હતુ.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ